# રાજ્યમાં સામાજીક સમરસતા સ્થાપિત કરવા સરકાર કટિબદ્ધ

## ડીવાયએસપી સામે તપાસ કરવા માટે આદેશ : રાજ્યની શાંતિ હણનાર તત્વોના રાજ્યની શાંતિ ડહોળવા અંગેના પ્રયાસોને સરકાર સાંખી લેશે નહીં : પ્રદીપસિંહ



અમદાવાદ,તા. ૧૫

ઉત્તર ગુજરાતમાં દલિતોને વરઘોડો કાઢવા બાબતે થયેલા હુમલાના બનાવો બાદ મોડે મોડે હવે રાજ્ય સરકાર સફાળી જાગી હતી. ગઈકાલે જ દલિત નેતા જિગ્નેશ મેવાણીએ સરકારી કાર્યવાહી નહીં કરે તો આંદોલન કરવાની ચીમકી આપીને દલિત મહાસંમેલનની જાહેરાત કરી હતી ત્યારે રાજ્ય સરકાર પણ હાંફળીફાંફળી બની દલિતોની સાથે હોવાની દલિત હિમાયતી સરકાર હોવાની જાહેરાત કરતાં હરકતમાં આવી છે. સરકાર તરફથી ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દલિતોને પણ વરઘોડા કાઢવાનો અધિકાર છે. સરકાર દલિતો સાથે હર હંમેશ છે અને રહેશે. દલિતોને વરઘોડો નહી કાઢવા દેવાના સમગ્ર વિવાદમાં સંદર્ભે પાંચ વ્યક્તિઓની ધરપકડ કરાઈ છે. ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં સામાજીક સમરસતાનું વાતાવરણ બની રહે અને લોકો ભાઈચારાથી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં દલિત સમાજના યુવાનોને વરઘોડાનો અધિકાર છે પરંતુ રાજ્યમાં દલિત સમાજના વરઘોડા દરમિયાન જે ઘટનાઓ ઘટી રહી છે તે અત્યંત દુઃખદ છે. રાજ્ય સરકાર આ માટે સતત ચિંતિત છે. બનેલી ઘટનાઓ સંદર્ભે જે તત્વો સંડોવાયેલા હશે તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે. સરકાર હરહંમેશ દલિતોની સાથે છે અને કાયમ રહેશે જ. કડી તાલુકાના લ્હોર ગામે પ્રથમ ઘટના બાદ તરત જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંવેદના દાખવીને રાજ્યની શાંતિ, સલામતી અને ભાઈચારાની ભાવના ડહોળાઈ નહીં તે માટે સતત માર્ગદર્શન આપીને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સુચનાઓ આપી હતી. લ્હોર ગામે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા સ્થાનિક ધારાસભ્ય કરસનભાઈ સોલંકીએ રૂબરૂ પહોંચીને વિવિધ સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજીને તમામને સમજાવાયા હતા અને ગામમાં સુલેહ સ્થાપવાના પ્રયાસો પણ કરાયા હતા. સાથે સાથે રેન્જ આઈ.જી. અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની ત્વરિત કામગીરીના પરિણામે લ્હોર ખાતે જનજીવન ગણતરીની પળોમાં જ પૂર્વવત થઈ ગયું હતું. જાડેજાએ ઉમેર્યુ હતું કે, ગુજરાત એ વિકસિત રાજ્ય છે. રાજ્ય સરકારની રાજકીય દ્રઢ ઈચ્છાશકિતના પરિણામે રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સુપેરે પરિસ્થિતિના કારણે રાજ્યમાં શાંતિ જળવાઈ રહી છે. ત્યારે કેટલાક વિઘટનકારી તત્વો કે જે ચૂંટણીમાં હાર ભાળી ગયા છે તેઓ ગુજરાતની શાંતિને હણવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેને રાજ્ય સરકાર કયારેય સાંખી લેશે નહીં. આવા તત્વોને રાજ્યના સૌ પ્રબુધ્ધ નાગરિકો સારી રીતે ઓળખે જ છે. કડી તાલુકાના લ્હોર ખાતે બનેલા બનાવ સંદર્ભે પાંચ વ્યક્તિઓની અટકાયત કરાઈ છે. તેમજ મોડાસા તાલુકાના ખંભીરસર ગામે પણ દલિત સમાજ દ્વારા વરઘોડા માટે પોલીસ બંદોબસ્ત માંગતા પુરતો પોલીસ બંદોબસ્ત આપવામાં આવ્યો હતો. નાયબ પોલીસ અધિક્ષકના સુપરવિઝન હેઠળ વરઘોડો શાંતિથી પૂર્ણ થાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. વરઘોડા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા પુરતા પગલા લેવાયા હતા. જેના પરિણામે કોઈ ઘટના ઘટી ન હતી. નાયબ પોલીસ અધિક્ષક સામેના આક્ષેપો સંદર્ભે અરવલ્લી પોલીસ અધિક્ષકને તપાસ સોંપવામાં આવી છે અને અહેવાલ આવ્યા બાદ યોગ્ય કાર્યવાહી કરાશે.

# દલિતો પર અત્યાચાર પ્રશ્ને રાજયપાલ સમક્ષ રજૂઆત



## અસામાજિક તત્વો વિરૂદ્ધ સરકાર કાર્યવાહી કરે : કોંગ્રેસ : કોંગ્રેસના ધારાસભ્યો સહિતના નેતાઓએ રાજયપાલને રૂબરૂ મળી રજૂઆત સાથે આવેદનપત્ર પણ સુપ્રત કર્યું

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં દલિતોને લગ્નપ્રસંગમાં વરઘોડો નહી કાઢવા દઈ સામાજિક બહિષ્કારના વકરેલા વિવાદ વચ્ચે આજે વિપક્ષ કોંગ્રેસ દ્વારા ગુજરાતના રાજયપાલને રૂબરૂ મળી આ ગંભીર અને સંવેદનશીલ મુદ્દે ઉગ્ર રજૂઆત કરી હતી. કોંગ્રેસના નેતાઓ દ્વારા રાજયમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર મામલે રાજય સરકાર દ્વારા તાત્કાલિક કાર્યવાહી થાય અને યોગ્ય પગલા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વિપક્ષ કોંગ્રેસ તરફથી આ મુદ્દે રાજયપાલને આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં અરવલ્લીના મોડાસાના ખંભીસર, કડીના લ્હોર, પ્રાંતિજના બોરીયા, વડાલીના ગાજીપુર સહિતના ગામોમાં દલિતોના લગ્નપ્રસંગ દરમ્યાન વરઘોડો નહી કાઢવા દઈ સ્થાનિક ગ્રામજનો દ્વારા દલિતોનો સામાજિક બહિષ્કાર કરવાનો મામલો હવે વધુ ગરમાયો છે. આજે વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી, પૂર્વ પ્રદેશ પ્રુમખ અર્જુન મોઢવાડિયા સહિતના અનેક કોંગ્રેસની ધારાસભ્યો અને નેતાઓ રાજયપાલ ઓ.પી.કોહલીને રૂબરૂ મળ્યા હતા અને સમગ્ર મામલાની ગંભીરતા અને સંવેદનશીલતા ધ્યાને મૂકી સરકાર દ્વારા આ કિસ્સાઓમાં તાત્કાલિક પગલાં લેવાય અને યોગ્ય કાર્યવાહી થાય તે માટેની માંગણી કરી હતી. વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી અને પૂર્વ પ્રદેશ પ્રુમખ અર્જુન મોઢવાડિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં દલિતો પર અત્યાચારની જે ઘટનાઓ સામે આવી છે, તે નિંદનીય અને ગુજરાતના ગૌરવને કલંકિત કરનારી છે. આ તમામ ઘટનાઓમાં સરકાર અને પોલીસ તંત્રની મિલીભગત સામે આવી છે.

# ધોરણ-૧૦ બોર્ડનું રિઝલ્ટ ૨૧મીએ જાહેર કરી દેવાશે



## વિદ્યાર્થીઓ-વાલીઓમાં ભારે ઉત્સુકતા અને ઉત્સાહ : સવારે આઠ વાગ્યાથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સાઈટ જીએસઈબી.ઓઆરજી પર રિઝલ્ટને જોઈ શકાશે

અમદાવાદ,તા. ૧૫

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ આગામી તા.૨૧મી મેના રોજ જાહેર કરવામાં આવશે. તા.૨૧મી મે ના રોજ સવારે ૮-૦૦ વાગ્યાથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ જીએસઈબી.ઓઆરજી પર પરિણામને જોઈ શકાશે. ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાંથી વિવિધ જેલોમાં બંધ ૮૯ કેદીઓએ સહિત ૧૧.૫૯ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ના પરિણામને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ, સહેજ ગભરાહટ સાથે ઉત્સુકતાની લાગણી છવાઈ છે. બોર્ડ દ્વારા માર્કશીટનું સવારે ૧૧ વાગ્યાથી બપોર બાદ ૪ વાગ્યા સુધી વિતરણ કરાશે. ગાંધીનગરથી અધિકારીક રીતે શિક્ષણ મંત્રી સવારે ૯-૦૦ વાગ્યે પરિણામની જાહેરાત કરશે. રાજ્યના સૌથી વધુ પરીક્ષાર્થી સુરતના નોંધાયા હતા. આ વખતે ધોરણ-૧૦ની પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૧,૫૯,૭૬૨ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. જેમાં સૌથી વધુ પરીક્ષાર્થી ૯૮,૫૬૩ સુરતમાં હતા. જ્યારે સૌથી ઓછા ૧,૩૧૭ પરીક્ષાર્થી પરીક્ષા આપી હતી. તેમાં ૭,૦૫,૪૬૪ છોકરાઓ અને ૪,૫૪,૨૯૭ છોકરીઓ હતી. માર્કશીટનું વિતરણ પણ એ જ દિવસે કરી દેવાશે. ગુજરાત શિક્ષણ બોર્ડે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાના માર્ચ-૨૦૧૯ના ઉમેદવારોની માર્કશીટનું વિતરણ જિલ્લા કક્ષાએ નિયત કરેલા વિતરણ સ્થળો પર કરવામાં આવશે. તારીખ ૨૧ મે, ૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી ૪-૦૦ કલાક દરમિયાન તેનું વિતરણ કરાશે. રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યએ પોતાની શાળાનું પરિણામ જવાબદાર કર્મચારીને મુખત્યાર પત્ર સાથે મોકલી મેળવી લેવાનું રહેશે. બોર્ડનું પરિણામ જાહેર થવાને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અત્યારથી જ ભારે ઉત્સાહ, સહેજ ગભરાહટ અને ઉત્સુકતાની લાગણી છવાઈ છે.

# જીટીયુ દ્વારા ૧૯૦ કોલેજને નોટિસ અપાતા ખળભળાટ

## કોલેજોમાં અસુવિધા, ખામીઓ દૂર કરવાનો આદેશ : ઇન્સ્પેકશન પ્રક્રિયામાં ખામીઓ જણાશે તો નો એડમિશન ઝોન તેમજ સીટો ઘટાડાશે : કોલેજોમાં સ્ટાફનો અભાવ




અમદાવાદ, તા.૧૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ) દ્વારા રાજ્યની ૧૯૦ જેટલી કોલેજોને નોટિસ ફટકારવામાં આવી છે. કોલેજોમાં સ્ટાફ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લેબોરેટરીની સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો. જેને પગલે જીટીયુએ આ ૧૯૦ કોલેજોને નોટિસ ફટકારતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. જીટીયુ દ્વારા આ તમામ કોલેજોને તાકીદે કોલેજોમાં અસુવિધાન અને ખામીઓનું નિવારણ કરવા કડક આદેશ કર્યો છે. દરમ્યાન જીટીયુના વાઈસ ચાન્સેલર નવીન શેઠે જણાવ્યું હતું કે, રાજ્યની ૪૫૨ કોલેજોની પાસે તેમની ઓનલાઈન વિગતો મંગાવવામાં આવી હતી. જેમાં ૧૯૦ જેટલી કોલેજોમાં કેટલીક અસુવિધા અને ખામીઓ જણાતા તેમને નોટિસ ફટકારવામાં આવી છે. આ ખામીઓને દૂર કરી એફિડેવિટ રજૂ કરવા જણાવ્યું હતું. ખામીયુક્ત કોલેજોમાં ઈન્સ્પેકશન શરૂ કરવામાં આવ્યું છે. આ તમામ કોલેજોમાં તા. ૩૧ મે સુધી ઈન્સ્પેકશન પ્રક્રિયા પૂર્ણ થશે. જો ઈન્સ્પેકશન બાદ રિપોર્ટમાં સુવિધાઓમાં સુધારો કરવામાં નહીં આવ્યો હોય અને ખામીઓ ધ્યાન પર આવશે તો કોલેજોને નો એડમિશન ઝોન જાહેર કરી તેમજ સીટો ઘટાડવા સુધીના પગલા લેવામાં આવશે. વિદ્યાર્થીઓના હિતમાં જીટીયુ દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, જીટીયુના નિર્ણયને લઈ શિક્ષણજગતમાં એકબાજુ, જીટીયુ સત્તાવાળાઓની પ્રશંસા થઈ રહી છે તો બીજીબાજુ, કોલેજ વર્તુળમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધા ઉપરાંત, શૈક્ષણિક, ટેકનીકલ અને વહીવટી ખામીઓ સહિતની ક્ષતિઓ સામે આવતાં આ કોલેજો વાંકમાં સપડાઈ છે, પરિણામે હવે જીટીયુએ સમગ્ર મામલે કડક વલણ અપનાવી કોલેજોને નોટિસ ફટકારી કડક તાકીદ કરી છે.

# વિદ્યાર્થીઓ ન મળતા જીટીયુ સંલગ્ન છ કોલેજો બંધ કરાશે

## એન્જિનિયરિંગની ૩૦ હજાર બેઠકો ખાલી : જીટીયુની બે ફાર્મસી અને બે મેનેજમેન્ટ કોલેજો ઉપરાંત ૧ એન્જિનીયરીંગ અને એક એમસીએ કોલેજ બંધ કરાશે

વિદ્યાર્થીઓ નહી મળવાના કારણે અને કોલેજ ટકાવી રાખવા મુદ્દે કફોડી હાલત ઉભી થતાં રાજયની ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી(જીટીયુ) સંલગ્ન બે ફાર્મસી અને બે એમબીએ કોલેજ સહિત કુલ છ કોલેજો ટૂંક સમયમાં જ બંધ થઈ જશે. ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી અને એન્જિનિયરિંગની છ કોલેજોએ પોતાના અભ્યાસક્રમ બંધ કરવા માટે યુનિવર્સિટીને ક્લોઝર નોટિસ મોકલી છે. વિદ્યાર્થીઓ નહી મળતાં આ કોલેજોએ તેમની કોલેજ બંધ કરવા માટે ક્લોઝર નોટિસ પાઠવી છે. એકસાથે છ કોલેજો બંધ થવાના આરે આવીને ઉભી હોવાથી શૈક્ષણિક સ્થિતિનો સાચો ચિતાર સામે આવ્યો છે. રાજયની જીટીયુ સંલગ્ન જે છ કોલેજો બંધ થવાની છે, તેમાં મહેસાણા અને હિંમતનગરની ફાર્મસી અને સિધ્ધપુર તથા જૂનાગઢની મેનેજમેન્ટ કોલેજનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટની એમસીએ અને ગાંધીનગરની એન્જિનિયરિંગ કોલેજને પણ તાળા વાગશે. એક એન્જિનિયરિંગ કોલેજ બંધ થવા છતાં રાજયમાં ૩૦ હજાર જેટલી બેઠકો ખાલી રહેશે. આ વર્ષે સાયન્સમાં ૧.૪૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૯૫ હજાર જ પાસ થયા હતા. તે પૈકી છ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૯ હજાર હતી. તેમાંથી ૪૫ ટકા ઉપરની ટકાવારી મેળવનાર મોટાભાગના એન્જિનિયરિંગમાં પ્રવેશને પાત્ર છે. ઉપરાંત ૩૯ હજારમાંથી કેટલાકને બીએસસીમાં પ્રવેશ મળે છે. રાજ્યમાં એન્જિનિયરિંગની કોલેજોમાં ૬૧ હજાર બેઠકો સામે રાજ્યમાંથી ૩૯ હજાર વિદ્યાર્થીઓ પાસ થયા છે.

# રાજ્યમાં પાણીનો બગાડ રોકવા હવે મીટર લગાવવા વિચારણા

## સરકારની ટીમ રાજસ્થાનમાં અભ્યાસ માટે જશે : રાજ્યના ૮ મહાનગર, ૨૫૦થી વધુ નપાઓ, ૧૮ હજાર ગામમાં મીટર લગાવવા માટે તખ્તો તૈયાર થઈ રહ્યો છે



અમદાવાદ,તા. ૧૫

રાજ્યમાં પાણીની અછત સર્જાતા હવે પાણીના કરકસરયુક્ત વપરાશ અને વેડફાટ અટકાવવા માટે સરકાર પાણીની બલ્ક લાઈનમાં મીટર લગાવવા તરફ ગંભીર વિચારણા હાથ ધરી રહી છે. રાજસ્થાનનું મોડેલ ગુજરાતમાં અમલી બનાવવા સરકાર વિચારણા કરી રહી છે. પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અધિકારીઓની ટીમ સાથે બે દિવસમાં રાજસ્થાનની મુલાકાતે જશે અને ત્યાંની પદ્ધતિનો અભ્યાસ કર્યા બાદ ગુજરાતમાં કેવી રીતે આગળ વધી શકાય તેનો એક્શન પ્લાન તૈયાર કરશે. રાજ્યમાં અગાઉ પણ પાણીના મીટરો લગાવવા માટે પ્રક્રિયા શરૂ કરાઈ હતી, પરંતુ લોક વિરોધના ડરથી સરકારે તે પડતી મૂકી હતી. હવે પાણીની સતત રહેતી અછતને પહોંચી વળવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા ફરી કવાયત હાથ ધરાઈ છે. કુંવરજી બાવળિયાએ આ અંગે જણાવ્યું હતું કે, પાણીના કરકસરયુક્ત વપરાશ માટે મીટર હોય તે જરૂરી બન્યું છે. રાજસ્થાનના જોધપુરમાં કેટલાક ઝોનમાં મીટર પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. ત્યાં કેવી અસર છે, કેટલી સફળતા મળી છે અને કઈ પદ્ધતિથી પાણી પુરવઠો અપાય છે અને કેવી રીતે વસૂલાત થાય છે તે તમામ બાબતનો રૂબરૂ જઈને અભ્યાસ કરાશે. તે પછી ગુજરાતમાં અમલીકરણ અંગે વિચારણા હાથ ધરાશે. રાજ્યના ૮ મહાનગરો, ૨૫૦થી વધુ નગરપાલિકાઓ અને ૧૮ હજાર જેટલા ગામમાં મીટર લગાવવાનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. તે પછી શહેર અને ગામમાં ઘરે ઘરે મીટર લગાવવાનો નિર્ણય જે તે મહાપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતની રહેશે. પાણીનો જથ્થો મળ્યો નથી તેવી રજૂઆત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી થતી હોય છે જેના કારણે વિવાદ સર્જાય છે. મીટર મૂકાવાથી આ વિવાદનો પણ અંત આવશે. લોકો પણ પાણીની કિંમત સમજતા થશે તે સરકારનો મુખ્ય હેતુ છે.

# રાજ્યની ગેરકાયદે શાળા સામે કાર્યવાહી કરવા બોર્ડનો આદેશ

## અમદાવાદમાં જ ૫૦થી વધારે અમાન્ય શાળાઓ : બોર્ડની મંજુરી વગરની કોઇપણ શાળા શરૂ કરવામાં આવે તો તેને અમાન્ય ઠરતી હોવાથી હવે શિક્ષાત્મક કાર્યવાહી




અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ સહિત રાજ્યભરમાં ચાલતી ગેરકાયદેસર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પર કાર્યવાહી કરવાનો બહુ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેટલીક ટ્રસ્ટ દ્વારા બોર્ડની મંજૂરી વગર શાળાઓ શરૂ કરી વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. જેને ધ્યાનમાં લેતા આ પ્રકારની શાળાઓ સામે જરૂરી પગલા ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઘણા વર્ષોથી ગેરકાયદેસર ચાલતી શાળોની ૨૦૧૮માં બોર્ડને જાણ થતા શિક્ષણ વિભાગે આ મામલાને ગંભીરતાથી લીધો છે.

સામાન્ય રીતે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે શિક્ષણ બોર્ડની મંજૂરી લેવી જરૂરી છે. જો બોર્ડની મરજી વગર કોઈ શાળા શરૂ કરવામાં આવે તો તેને અમાન્ય માનવામાં આવે છે. જો આ વ્યવસ્થા સાથે ચેડા કરવામાં આવે તો તે શાળા સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. અગાઉ જાહેર થયેલા પરિપત્ર અનુસાર, શહેરમાં અંદાજે ૫૦ જેટલી અમાન્ય શાળાઓ છે. જેમા વાલીઓને જણાવ્યું છે કે આ પ્રકારની સ્કૂલોમાં પોતાના બાળકોને મોકલીને તેમનું ભવિષ્ય ના બગાડે. શહેરના ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધારે અમાન્ય શાળાઓ ચાલી રહી છે. હવે બોર્ડ દ્વારા સમગ્ર મામલો ગંભીરતાથી લેવાયો છે અને હવે ઝીણવટભરી તપાસ અને ચકાસણી બાદ આવી ગેરકાયદે શાળાઓ વિરૂધ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવશે.

# આપત્તિ સામેની સજ્જતા જ આપત્તિ સામે લડવાનો ઉપાય

## મુખ્ય સચિવ જેએન સિંઘનો મત : ગાંધીનગરમાં સંભવિત આપતા સામે સજ્જતા અને પૂર્વ તૈયારી સંદર્ભે રાજ્યના વહીવટી તંત્ર દ્વારા ચિંતન કરાયું

અમદાવાદ,તા.૧૫

રાજ્યમાં આગામી ચોમાસા દરમિયાન અતિવૃષ્ટિ, પૂર, ચક્રવાત જેવી સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારી અને સજ્જતા સંદર્ભે મુખ્ય સચિવ જેએન સિંઘ ના અધ્યક્ષ સ્થાને રાજ્ય વહીવટી તંત્ર દ્વારા સમુહ ચિંતન કરાયું હતું. આ બેઠકને સંબોધતા મુખ્ય સચિવ જે.એમ સિંઘે જણાવ્યું હતું કે આપત્તિ સામેની સજ્જતા જ આપત્તિ સામે લડવાનો શ્રેષ્ઠ ઉપાય છે. તેમણે રાજ્યના વહીવટી તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા તૈયાર કરાયેલા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અને તેના અમલીકરણ સંદર્ભે વિશેષ ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આપત્તિ સામે આગોતરું આયોજન કરવાથી સંભવિત આપત્તિ દ્વારા થતા નુકસાનને હળવું કરી શકાય છે કે ટાળી શકાય છે. આ પ્રસંગે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે ચોમાસા દરમિયાન જીવન જરૂરિયાતની વિવિધ ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી કરવા ઉપર ભાર મૂક્યો હતો. જ્યારે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે અગાઉના વર્ષોના અનુભવોમાંથી જે શીખવા મળ્યું તેનો સમાવેશ આગામી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં કરવા ખાસ જણાવ્યું હતું. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ બેઠકમાં મુખ્ય સચિવએ રાજ્યમાં જુદા જુદા વિભાગોની સંભવિત આપદા સંદર્ભે સજ્જતાની સમીક્ષા કરી હતી જ્યારે ભારતીય હવામાન ખાતાના ડિરેક્ટર જયંત સરકારે અલનીનો અને ઈન્ડીયન ઓસન ડાયપોલ સિસ્ટમની ચોમાસા ઉપરની અસર વિષે જણાવ્યું હતું અને ચોમાસુ સામાન્યથી વધુ સારું રહેવાની સંભાવના વ્યક્ત કરી હતી.

Printed by **RAJESH JASVANTRAY MANIYAR**, Published by **RAJESH JASVANTRAY MANIYAR** on behalf of (or owned by) **RAJESH JASVANTRAY MANIYAR** and Printed at RAJ PRINTERS PLOT NO. 4 VIJAY COLONY, AIRPORT ROAD, SUBHASHNAGAR, BHAVNAGAR (GUJARAT) and published at 704 AKHBARBHAVAN.SECTOR 11,GANDHINAGAR {GUJARAT} **Editor RAJESH J. MANIYAR**